CITY વલ્ડ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર 3 એપ્રિલ, ૨૦૨૬ ૭



ભાયલી, સેવાસી અને બિલગાવ જેવા સીમાડાઓ હવે શહેરનું નવું સરનામું, ડેવલપર્સ અને જનતામાં 'બ્રાન્ડ નેમ'નો વધતો ક્રેઝ

સંસ્કારી નગરી વડોદરા હવે તેના પરંપરાગત સીમાડાઓ ઓળંગીને મેટ્રો સિટી તરફ ડગ માંડી રહી છે. કોઈપણ શહેરમાં જ્યારે નવા વિસ્તારોનો વિકાસ થાય છે, ત્યારે તેને લોકોના માનસપટ પર અંકિત કરવા માટે બિલ્ડરો અને સ્થાનિક વહીવટી તંત્ર જૂના અને પ્રતિષ્ઠિત નામોનો સહારો લેતા હોય છે. વડોદરામાં પણ છેલ્લા એક દાયકામાં આ ટ્રેન્ડ ખૂબ જ લોકપ્રિય બન્યો છે. જૂના વડોદરાના ભદ્ર અને જાણીતા વિસ્તારોના નામ સાથે 'ન્યુ' જોડીને નવા આલીશાન પ્રોજેક્ટ્સ અને વિસ્તારોની નવી ઓળખ ઉભી કરવામાં આવી રહી છે. શહેરમાં ખોડિયાર નગરથી લઈને ભાયલી અને સેવાસી સુધીના વિસ્તારોમાં જે રીતે પરિવર્તન આવ્યું છે, તે જોતા લાગે છે કે વડોદરા હવે 'ગ્રેટર વડોદરા' બનવા તરફ સજ્જ છે. આ નવા વિસ્તારોમાં માત્ર રહેણાંક સુવિધાઓ જ નહીં, પણ રસ્તાઓની પહોળાઈ અને આયોજનબદ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ આધુનિક ઢબે વિકસી રહ્યું છે. વડોદરાનું આ વિસ્તરણ માત્ર નામ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે શહેરની આર્થિક પ્રગતિનું પ્રતીક છે. ભવિષ્યમાં બિલગાવ અને સેવાસી જેવા વિસ્તારો મુખ્ય વડોદરાની હરોળમાં ઉભા હશે, જેમાં જૂના નામોની ગરિમા અને નવા યુગની સુવિધાઓનો સંગમ જોવા મળશે.

ન્યુ અલકાપુરી, ન્યુ મોટનાથ, ન્યુ કારેલીબાગ

જુના-જાણીતા નામો જાળવી રાખી ઉભી કરાતી નવા વિસ્તારની ઓળખ

■ ન્યુ અલકાપુરી : ગોત્રી-સેવાસી રોડની બદલાતી કાયાપલટથી નયનરમ્ય નજારો જોવા મળે છે

વડોદરામાં જે માન 'અલકાપુરી'નું છે, તે જ પ્રતિષ્ઠા હવે ન્યુ અલકાપુરી તરીકે ઓળખાતા ગોત્રી-સેવાસી રોડને મળી રહી છે. એક સમયે જ્યાં માત્ર ખેતરો હતા, ત્યાં આજે આલીશાન ડુપ્લેક્સ અને બંગલોઝની હારમાળા સર્જાઈ છે. અસલ અલકાપુરીમાં હવે જગ્યાના અભાવે, ઉચ્ચ મધ્યમ વર્ગ અને પ્રીમિયમ લાઈફસ્ટાઈલ જીવતા લોકો માટે સેવાસી અને ખાનપુરનો પટ્ટો 'ન્યુ અલકાપુરી' તરીકે પેરેલલ સેન્ટર બની ગયો છે.

■ ન્યુ મોટનાથ : હરણી-વડોદરા રોડની નવી ઓળખ બની રહેલો વિસ્તાર...

હરણી વિસ્તારમાં આવેલા મોટનાથ મહાદેવ મંદિરના નામ પરથી હરણી અને તેની આસપાસના નવા વિકસતા વિસ્તારને ન્યુ મોટનાથ તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. ખાસ કરીને હરણી-વરોદરા 80 ફૂટના રોડ પર જે નવી વસાહતો ઊભી થઈ છે, તેને આ નામ સાથે જોડવામાં આવી છે. આ વિસ્તાર એરપોર્ટની નજીક હોવાથી રોકાણકારો અને રહેવાસીઓ માટે હોટ ફેવરિટ બન્યો છે.

■ સમા-સાવલી રોડ : હાઈવે કનેક્ટિવિટીનું નવું હબ

વડોદરાનો ઉત્તર-પૂર્વ ભાગ એટલે કે સમા-સાવલી રોડ. પહેલા આ રસ્તો માત્ર સાવલી જતો માર્ગ ગણાતો, પણ આજે અહીં હાઈ-રાઈઝ એપાર્ટમેન્ટ્સ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સનો રાફડો ફાટ્યો છે. ખોડિયાર નગરથી આગળ વધતા વેમલી અને આસપાસના વિસ્તારો હવે શહેરનો મુખ્ય ભાગ બની ગયા છે. એલ એન્ડ ટી સર્કલથી હાઈવે સુધીનો આ પટ્ટો વડોદરાના સૌથી ઝડપથી વિકસતા કોરિડોર તરીકે ઉભર્યો છે.

■ ખોડિયાર નગર જૂની વસાહત અને નવો ટ્રેન્ડ



ખોડિયાર નગર વિસ્તાર હવે માત્ર એક જંક્શન નથી રહ્યો, પરંતુ તેની આસપાસ ન્યુ વીઆઈપી રોડ અને આજવા રોડના જોડાણને કારણે ત્યાંની ડેમોગ્રાફી બદલાઈ છે. જૂના વડોદરાથી ટ્રાફિક અને ગીચતા ઘટાડવા માટે મધ્યમ વર્ગ હવે આ તરફ સ્થળાંતર કરી રહ્યો છે, જેના કારણે ખોડિયાર નગરની આસપાસની જમીનોના ભાવમાં પણ ઘરખમ ઉછાળો જોવા મળ્યો છે.

■ ભાયલી અને બિલ રહેણાંક ક્ષેત્રનો નવો વિસ્તાર

વાસણા-ભાયલી રોડના વિકાસ બાદ હવે ભાયલી અને બિલ ગામની સીમોમાં આખું નવું શહેર વસી રહ્યું હોય તેવું લાગે છે. 'ન્યુ વાસણા' અથવા 'ન્યુ ભાયલી' તરીકે ઓળખાતા આ વિસ્તારમાં લક્ઝરી ફ્લેટ્સ અને વીલા પ્રોજેક્ટ્સની ભરમાર છે. રસ્તાઓનું નેટવર્ક અને ટાઉન પ્લાનિંગ સ્કીમ (TP) ને કારણે આ વિસ્તાર વડોદરાના પોશ વિસ્તારોની યાદીમાં મોખરે પહોંચી ગયો છે.

યુદ્ધની છાયામાં બદલાયા વેકેશન પ્લાન

બરોડિયનો હવે દેશમાં જ શોધી રહ્યા છે 'વિદેશ'નો અનુભવ...

ઉનાળાની રજાઓ એટલે પ્રવાસનો સીઝન. ખાસ કરીને વડોદરાના લોકો માટે દુબઈ અને ગલ્ફ દેશો લાંબા સમયથી લોકપ્રિય ટુરિસ્ટ ડેસ્ટિનેશન રહ્યા છે. પરંતુ ઈરાન-ઈઝરાયલ યુદ્ધની તણાવભરી પરિસ્થિતિએ આ વર્ષે પ્રવાસના ટ્રેન્ડમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. સુરક્ષા અંગેની ચિંતા અને ફ્લાઈટ વ્યવસ્થામાં અવરોધોને કારણે હવે બરોડિયનો વિદેશ પ્રવાસ ટાળી દેશની અંદર જ નવા સ્થળોની શોધમાં નીકળી રહ્યા છે. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ સંચાલકોના જણાવ્યા મુજબ, દર વર્ષે માત્ર સમર વેકેશન દરમિયાન 20 થી 25 હજાર જેટલા ગુજરાતીઓ દુબઈ તરફ જતા હતા, પરંતુ આ વર્ષે તે પ્રવાહમાં સ્પષ્ટ ઘટાડો નોંધાયો છે. હવે પ્રવાસીઓ સિંગાપુર, મલેશિયા, થાઈલેન્ડ, વિયેતનામ, બાલી, કમ્બોડિયા અને લાઓસ જેવા વિકલ્પો તરફ વળી રહ્યા છે.

વિદેશથી દેશ તરફ વળતો પ્રવાસનો ટ્રેન્ડ

આ વખતે પ્રવાસીઓમાં 'સેફ ટ્રાવેલ' પ્રાથમિકતા બની ગઈ છે. યુદ્ધના કારણે ગલ્ફ દેશો અને યુરોપ માટે લોકોમાં સંકોચ જોવા મળી રહ્યો છે. પરિણામે ઘણા મધ્યમવર્ગીય પરિવારો દેશમાં જ વિદેશ જેવી અનુભૂતિ આપતા સ્થળો પસંદ કરી રહ્યા છે. ઉત્તર-પૂર્વ ભારત, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, જમ્મુ-કાશ્મીર, દાર્જિલિંગ અને લેહ-લદ્દાખ જેવા સ્થળો આ વખતે ખાસ આકર્ષણ બની રહ્યા છે. ઉપરાંત ધાર્મિક અને કુદરતી સ્થળોની માંગમાં પણ વધારો થયો છે. ટ્રાવેલ એજન્સીઓ અનુસાર, આ વર્ષે સમર વેકેશન ટુર પેકેજ લગભગ 15 ટકા મોંઘા બન્યા છે, છતાં લોકો પ્રવાસનો ઉત્સાહ જાળવી રાખી રહ્યા છે. અમિષા પ્રજાપતિ, સ્થાનિક

વેકેશનમાં દુબઇ જવાનો પ્લાન યુદ્ધના કારણે રદ કર્યો

અનિલકુમાર પ્રજાપતિ જણાવે છે કે 20-25 લોકોના ગ્રુપ સાથે દુબઈ જવાનો પ્લાન યુદ્ધને કારણે રદ કરવો પડ્યો. ફ્લાઇટ કેન્સલ થવાથી વિઝા અને અન્ય ખર્ચનો નુકસાન સહન કરવું પડ્યું. હવે તેઓ દેશમાં જ પ્રવાસ કરવાની યોજના બનાવી રહ્યા છે. તેઓ વધુમાં જણાવે છે કે હાલની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પરિવાર સાથે વિદેશ પ્રવાસ ટાળ્યો છે અને હવે ભારતના કોઈ સુરક્ષિત અને આકર્ષક સ્થળની પસંદગી કરવામાં આવી રહી છે.

ધાર્મિક યાત્રા અને બીચ ડેસ્ટિનેશન તરફ વધતી માંગ

આ વર્ષે ધાર્મિક યાત્રાઓ અને દરિયાકાંઠાના સ્થળોની માંગમાં ખાસ વધારો થયો છે. મહાકાલેશ્વર, હરસિદ્ધિ માતા, કાલભૈરવ, મંગલનાથ, રાજસ્થાનના રણુજા, શ્રીનાથજી અને અંબાજી જેવા સ્થળોની યાત્રાઓ માટે નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે. તે ઉપરાંત મોટી દમણ, નાની દમણ, દેવકા બીચ, જમપુર બીચ જેવા દરિયાઈ સ્થળો પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. મે મહિનામાં 11-12 દિવસના વિશાળ ધાર્મિક પ્રવાસોમાં અયોધ્યા, હરિદ્વાર, ઋષિકેશ, મથુરા, વૃંદાવન, બનારસ અને જયપુર જેવા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.પરિસ્થિતિ ભલે બદલાઈ હોય, પરંતુ પ્રવાસનો ઉત્સાહ ઓછો થયો નથી. બરોડિયનો હવે સુરક્ષા અને બજેટ બંનેને ધ્યાનમાં રાખીને દેશમાં જ નવા અનુભવો શોધી રહ્યા છે–જ્યાં "દેશમાં જ વિદેશ"નો આનંદ માણી શકાય.

ટ્રાવેલર્સ સંચાલક ભાવેશભાઈ પરમાર